## Std. 7 - Week 3

# ગુજરાતી

## 3 હું વિચારું ...

- 'હું વિચારું' વિભાગમાં વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિને પોષણ આપનારી પ્રવૃત્તિઓ મૂકવામાં આવી છે. શક્ય છે અહીં આપવામાં આવેલ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓના ઉત્તર ભિન્ન-ભિન્ન હોઈ શકે. જરૂર પડયે શિક્ષકે માર્ગદર્શન આપવું.

**પ્રશ્ન-1 નીચેની વાર્તા વાંચી તેમાંની ગમતી તથા ન ગમતી વિગતોની નોંધ કરો.**

એક સરસપુર નામનું ગામ હતું. આ આખું ગામ સ્વચ્છતાનું ખૂબ આગ્રહી. ગામના બધા જ લોકો સ્વચ્છતામાં માનવાવાળા. ગામના સૌ કોઈ બધી બાબતોમાં સ્વચ્છતા રાખે. ઘર, શેરી, પાદર બધું જ સ્વચ્છ રાખે.

એ જ ગામમાં એક પરિવાર રહેતો હતો. એ પરિવારમાં ચાર સભ્યો હતા. રીટા, ટીના અને તેમના માતા-પિતા. રીટા અને ટીના બંને બહેનો હતી. પરંતુ બંને બહેનોના સ્વભાવમાં ખૂબ મોટો તફાવત હતો. રીટા સ્વચ્છતાની ખૂબ આગ્રહી જ્યારે ટીના સ્વચ્છતાની બાબતમાં આળસુ.

રીટા હંમેશાં જમતાં પહેલાં અને શૌચક્રિયા બાદ પોતાના હાથ સાબુથી બરાબર ધોતી પણ ટીના જમતાં પહેલાં કે શૌચક્રિયા બાદ હાથ ધોવામાં આળસ કરતી. તેના પિતાજી તેને સમજાવતાં કહેતાં, ''બેટા ! સ્વચ્છતા ન રાખીએ તો બીમાર પડાય !'' પણ ટીના તેમની વાત ગણકારતી નહીં.

એક દિવસની વાત છે ઘણા દિવસ થયા પણ ટીના શાળાએ ન આવી એટલે શાળાના આચાર્ય તથા વર્ગશિક્ષકે તેની બહેન રીટાને બોલાવી અને પૂછ્યું, ''બેટા ! ટીના કેમ શાળામાં નથી આવતી ?'' ત્યારે રીટાએ કહ્યું ''સાહેબ, એ તો બીમાર છે ! એટલે ઘરે છે.''

રીટાની વાત સાંભળી ટીનાના વર્ગશિક્ષકે તેના ઘરે જવાનો નિર્ણય કર્યો. તેઓ એ જ દિવસે વર્ગના બાળકો સાથે ટીનાના ઘરે ગયા અને તેના પિતાને ટીનાના ખબર અંતર પૂછ્યા. તેના પિતાએ ટીનાની સ્વચ્છતા વિશેની આળસ વિશે કહ્યું. તેમની વાત સાંભળીને શિક્ષક ટીના પાસે બેઠા અને ટીના સામે જોઈ કહેવા લાગ્યા : ''જો બેટા ! આપણે આપણા શરીર, ઘર, શેરી અને આજુબાજુના વિસ્તારની સ્વચ્છતા રાખવી જોઈએ. સ્વચ્છતા ન રાખીએ તો બીમાર પડાય અને પછી ડોકટર પાસે જવું પડે અને તેમની સોય પણ ખાવી પડે !''

ટીનાને પોતાની ભૂલ સમજાઈ ગઈ તેણે પોતાના વર્ગશિક્ષકને કહ્યું, ''સાહેબ મને માફ કરો ! મને મારી ભૂલ સમજાઈ ગઈ છે. હવે હું દરેક બાબતમાં સ્વચ્છતા રાખીશ.''

બસ તે દિવસથી ટીનાની ક્યારેય શાળામાં રજા નથી પડી !

| શું ગમ્યું ? | શું ના ગમ્યું ? |
|---|---|
| (1) ____________ | (1) ____________ |
| (2) ____________ | (2) ____________ |
| (3) ____________ | (3) ____________ |
| (4) ____________ | (4) ____________ |

**પ્રશ્ન-2 નીચેની પરિસ્થિતિમાં તમે શું કરશો ?**

(1) પ્રવાસ દરમિયાન ભૂલા પડી જવાય તો ...

(2) શાળાએ જતી વખતે સાઈકલની ચેઈન તૂટી જાય તો ...

(3) તમારાં મમ્મીએ તમને નોટબુક ખરીદવા માટે પૈસા આપ્યા હોય અને એ ખોવાઈ જાય તો ...

(4) તમારાં શિક્ષકે ગૃહકાર્ય કરવા આપ્યું હોય અને એ ગૃહકાર્ય કરેલી નોટબુક પલળી જાય તો ...

(5) શાળાએ જવાના સમયે તમારાં મામા તમારા ઘરે આવી જાય તો ...

(6) તમારા ઘરમાં 'આળસ' કોણ કરે છે ? ક્યારે ?

**પ્રશ્ન-3 ચિત્ર જોઈ તેના વિશે લખો અને વાંચો.**



# 3 માહિતીનું નિયમન

- વિદ્યાર્થીઓ ચિત્ર-આલેખ અને લંબઆલેખનું અર્થઘટન કરી શકે તેમજ દોરી શકે અને અપૂર્ણાંકનું અતિસંક્ષિપ્તરૂપ આપી શકે તે માટે માર્ગદર્શન પૂરુ પાડવું.

**પ્રશ્ન-1 વનિતાએ રમવાનો પાસો ઊછાળતા મળેલ અંક નીચે મુજબ છે. તેના આધારે આવૃત્તિ-ચિહ્નનો ઉપયોગ કરી માહિતીનું કોષ્ટક બનાવો.**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 2 | 2 | 3 | 4 | 6 | 5 | 1 | 1 | 5 |
| 6 | 5 | 3 | 1 | 4 | 2 | 3 | 5 | 2 | 3 |
| 2 | 6 | 4 | 6 | 6 | 4 | 2 | 1 | 6 | 2 |
| 1 | 5 | 6 | 2 | 3 | 2 | 3 | 2 | 1 | 6 |

| પાસાનો અંક | આવૃત્તિ ચિહન | મળેલ અંકની સંખ્યા |
|---|---|---|
| | | |

**પ્રશ્ન-2 ધોરણ-6ના વિદ્યાર્થીઓની છ દિવસની કુલ હાજરી નીચે મુજબ છે. માહિતીના આધારે યોગ્ય પ્રમાણમાપ લઈ લંબ આલેખ દોરો.**

| દિવસ | સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર | શનિવાર |
|---|---|---|---|---|---|---|
| વિદ્યાર્થીઓની હાજરી | 37 | 40 | 35 | 39 | 37 | 36 |

# 4 સાદા સમીકરણ

- બીજગણિતીય પદાવલિ માટે અહીં વિદ્યાર્થીએ અગાઉના ધોરણમાં અભ્યાસ કરેલ મેચસ્ટિક પેટર્ન, અને ચલની અચલ સાથેની ક્રિયાઓનું પુનરાવર્તન આપવામાં આવ્યું છે. જેથી વિદ્યાર્થી ધોરણ 7માં બીજગણિતીય પદાવલિનો ખ્યાલ વધુ સ્પષ્ટ થાય.
- આ ઉપરાંત સમીકરણની પ્રાથમિક સમજ અને તેના ઉકેલનું પુનરાવર્તન કરાવવામાં આવ્યું છે. આ બાબતે વિદ્યાર્થીને જરૂરી હોય ત્યાં યોગ્ય માર્ગદર્શન આપી વધુ સ્પષ્ટ કરવું.

**પ્રશ્ન-1 માગ્યા મુજબ જવાબ આપો.**

(1) મૂળાક્ષર w ની મેચસ્ટિક પેટર્ન  બનાવવા કેટલી દીવાસળીની જરૂર પડશે ?

(2) મૂળાક્ષર F ની મેચસ્ટિક પેટર્ન  બનાવવા કેટલી દીવાસળીની જરૂર પડશે ?

(3) જોડાયેલા ત્રણ ચોરસ બનાવવા કેટલી દીવાસળી જોઈએ ?

(4) જોડાયેલા ચાર ત્રિકોણ બનાવવા કેટલી દીવાસળી જોઈએ ?

**પ્રશ્ન-2 નીચેના દરેકની અભિવ્યક્તિ આપો.**

(1) $x$ માં 2 ઉમેરતા

(2) y માં 4 બાદ કરતાં

(3) a ને 5 વડે ગુણતાં

(4) P ને 3 વડે ભાગતાં

(5) $x$ ના 5 ગણામાં 1 ઉમેરતાં

(6) y ના ત્રણ ગણામાંથી 5 બાદ કરતાં

(7) a ના ચોથાભાગમાં 3 ઉમેરતાં

(8) 10 માંથી a ના પાંચગણા બાદ કરતાં

(9) 8 ને b માંથી બાદ કરતાં

(10) 15 ને 2a માં ઉમેરતાં

(11) 7 ને $(2x + 2)$ માંથી બાદ કરતાં

(12) 15 ને $(2x + 2)$ વડે ગુણતાં

(13) 4 ને $(2x + 2)$ વડે ભાગતાં

(14) $x$ માંથી 3 બાદ કરી પરિણામને 2 વડે ભાગતાં

(15) y માં 4 ઉમેરી પરિણામને 3 વડે ગુણતાં

(14) a ને 3 વડે ભાગી પરિણામમાં 5 ઉમેરતાં

**પ્રશ્ન-3 નીચેના પૈકી કયાં સમીકરણો છે કે નહી તે લખો. જો સમીકરણ હોય તો તેમાં કયો ચલ છે તે પણ દર્શાવો.**

(i) $12 = x + 3$

(ii) $(n - 5) < 6$

(iii) $(4 \times 5) = 25 - 5$

(iv) $4 \times 2 - 3 = 3y$

(v) $50 = 5y$

(vi) $4 - a = 9$

**પ્રશ્ન-4 નીચે દરેક સમીકરણની સામે કૌંસમાં આપેલી ચલની કિંમત માટે સમીકરણ સંતોષાય છે ?**

(i) $3x = 15$ $[x = 5]$

(ii) $x + 3 = 30$ $[x = 10]$

(iii) $x - 4 = 6$ $[x = 10]$

(iv) $x + 3 = 9$ $[x = 3]$

(v) $4y = 16$ $[y = 12]$

(vi) $y - 3 = 15$ $[y = 12]$

**પ્રશ્ન-5 કૌંસમાં આપેલી કિંમતોમાંથી કઈ કિંમત સમીકરણનો ઉકેલ છે તે લખો.**

(i) $5x = 30$ [3, 4, 5, 6]

(ii) $P + 5 = 15$ [5, 10, 15, 20]

(iii) $y - 10 = 10$ [10, 20, 30, 40]

(iv) $\frac{y}{6} = 3$ [14, 16, 18, 20]

**પ્રશ્ન-6** (i) $x$ની કિંમત લઈ કોષ્ટક પૂર્ણ કરો.

| $x$ | 3 | 5 | 8 | 10 |
|---|---|---|---|---|
| $x + 3$ | | | | |

(ii) y ની કિંમત લઈ કોષ્ટક પૂર્ણ કરો.

| y | 4 | 5 | 10 | 2 |
|---|---|---|---|---|
| $y - 15$ | | | | |

(iii) z ની કિંમત લઈ કોષ્ટક પૂર્ણ કરો.

| z | 3 | 4 | 5 | 6 |
|---|---|---|---|---|
| $\frac{z}{5}$ | | | | |

## જવાબો

પ્રશ્ન-5 (i) 6 (ii) 10 (iii) 20 (iv) 18

# 5 રેખા અને ખૂણા

- વિદ્યાર્થીઓને ભૂમિતિના પાયાના વિવિધ ખ્યાલો સ્પષ્ટ કરાવવા.
- વિવિધ આકારો તેમજ તેના અંગો, ખૂણાના પ્રકાર વિશે વધુ સ્પષ્ટતા કરાવી શકાય.

- અહીં વિદ્યાર્થીએ અગાઉના ધોરણમાં અભ્યાસ કરેલ વક્ર, ત્રિકોણ, વર્તુળ અને તેના અંગો, ખૂણાના પ્રકાર, પરિમિતિ અને ક્ષેત્રફળ બાબતનું પુનરાવર્તનથી કરાવવામાં આવ્યું છે. જરૂર પડે વધુ ઉદાહરણ આપી ભૂમિતિનો ખ્યાલ વધુ સ્પષ્ટ કરાવી શકાય જેથી આગળના ધોરણમાં વિદ્યાર્થીને મદદરૂપ થાય.

**પ્રશ્ન-1 તમને મનપસંદ કોઈપણ બે ખુલ્લા વક્રો અને બે બંધ વક્રો દોરો.**

| ખુલ્લા વક્રો | | બંધ વક્રો | |
|---|---|---|---|
| | | | |

**પ્રશ્ન-2 આપેલી આકૃતિમાં કયા કયા આકારો તમને દેખાય છે ? તેની નોંધ કરો.**



(1) ____________

(2) ____________

(3) ____________

(4) ____________

(5) ____________

**પ્રશ્ન-3 આપેલ આકૃતિ પરથી લખો.**




(i) વર્તુળનું કેન્દ્ર ______ (v) વર્તુળની ત્રિજ્યા ______

(ii) વર્તુળનો વ્યાસ ______ (vi) વર્તુળનો ચાપ ______

(iii) વર્તુળની જીવા ______

(vii) વર્તુળનો વૃત્તાંશ અને વર્તુળનો વૃતખંડ આકૃતિમાં દર્શાવો.

**પ્રશ્ન-4** આપેલ વર્તુળની પરિમિતિ દોરીની મદદથી માપો અને લખો.

વર્તુળના પરિઘનું માપ = ______________________








**પ્રશ્ન-5** અહીં દર્શાવેલ ઘડિયાળના સમય પરથી રચાતા ખૂણાઓનાં માપ અને ખૂણાનો પ્રકાર જણાવો.

| સમય | ખૂણાનું માપ | ખૂણાનો પ્રકાર |
|---|---|---|
| 9:00 | | |
| 1:00 | | |
| 6:00 | | |
| 4:00 | | |

**પ્રશ્ન-6** નીચે દર્શાવેલ ખૂણાઓનો પ્રકાર જણાવો.



(a) ______________



(b) ______________



(c) ______________



(d) ______________



(e) ______________

# English

- ચિત્રોના આધારે ખૂટતા અક્ષરો લખીને crossword પૂર્ણ કરો.




## 6. What Time Is It ?

- નીચે આપેલ ઘડિયાળમાં સમય જોઈ શબ્દોમાં લખો.

ઉદાહરણ : 

It is three o'clock.

(1) 

It is ______________________ .

(2) 

It is ______________________ .

(3) 

It is ______________________ .

(4) 

It is half past eight.

(5) 

It is ______________________ .

(6) 

It is ______________________ .

(7) 

It is quarter past nine.

(8) 

It is ______________________ .

(9) 

It is ______________________ .

(10) 

It is ______________________ .

| | | | | |
|---|---|---|---|---|
| a car | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | |

(11) 

It is quarter to two.

(12) 

It is ______________________ .

(13) 

It is ______________________ .

(14) 

It is ______________________ .

(15) 

It is ______________________ .

(16) 

It is ______________________ .

- આપના ઘરની ઘડીયાળમાં જોઈને અલગ-અલગ પાંચ સમય લખો.

(1) ____________________________________________

(2) ____________________________________________

(3) ____________________________________________

(4) ____________________________________________

(5) ____________________________________________



n

# 7. Who Am I ?

⇒ આ પ્રવૃત્તિનો હેતુ બાળકો પોતાનો પરિચય બોલીને આપી શકે તે છે.

ધ્યાનમાં રાખવા જેવી બાબત :

⇒ શિક્ષકે બાળકોને પ્રશ્નો પૂછવા જેવા કે **What is your name ?, What is your father's name?, How old are you ?** આ પ્રશ્નોના જવાબ આપવા બાળકને માર્ગદર્શન આપવું.

- **ચિત્રની બાજુમાં આપેલ બોક્સમાં ખૂટતી વિગત લખો અને ઉદાહરણમાં બતાવ્યા પ્રમાણે પોતાનો પરિચય લખો અને તમારા મિત્રને પોતાનો પરિચય આપો.**

Village/city : ______________

Favourite subject : __________

Favourite sports : __________



Name : __________________

Father's name : ____________

Mother's name : ___________

Age : _____________ years

**ઉદાહરણ :** I am Guru. My father's name is Udaybhai. My mother's name is Hetalben. I am 12 years old. I live in Junagadh. My favourite subject is English. My favourite sports is football.

